તા. ૧૪.૦૨.૨૦૨૫

નવગુજરાત સમય, પાના નં.૧૦

# અમદાવાદ એપીએમસીથી ગાંધીનગર વચ્ચે હવે સીધી મેટ્રો ટ્રેન સેવા શરૂ



**ગાંધીનગરઃ** અમદાવાદ એપીએમસીથી ગાંધીનગર વચ્ચે હવે સીધી મેટ્રો ટ્રેન સેવા મુસાફરોને ઉપલબ્ધ થશે. તેના કારણે મુસાફરોએ હવે સેક્ટર-1 કે ગિફ્ટ સિટી જવા માટે મોટેરા સ્ટેડિયમ કે જીએનએલયુ ખાતે ટ્રેન બદલવા જવાની જરૂર પડશે નહીં. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ડાયરેક્ટ કનેક્ટિવિટી સાથે મેટ્રો ટ્રેન વધારવાની મંજૂરી મેટ્રો રેલ સેફ્ટી કમિશનર પાસેથી મળી ગઇ છે. જીએનએલયુ સ્ટેશન અને ગિફ્ટ સિટી વચ્ચે બસ સેવા પણ દર અડધા કલાકે ઉપલબ્ધ કરાવવામાં આવશે જે પીડીઇયુ થઇને જશે. 15 ફેબ્રુઆરીથી એપીએમસીથી મોટેરા કોરિડોરથી સેક્ટર-1 અને અને ગિફ્ટ સિટીથી પ્રાયોગિક ધોરણે નવું સમયપત્રક પણ જાહેર કરાયું છે.